


# અમારા વિષે :

પ્રભાત એજ્યુકેશન ફાઉન્ડેશન 2003થી અમદાવાદના વંચિત વર્ગના વિશિષ્ટ જરૂરિયાત ધરાવતા બાળકો / વ્યક્તિઓ સાથે કાર્ય કરે છે અને તેમની સામે આવતા માનસિક અને શારીરિક પડકારોને દુર કરવા તેમને તૈયાર કરે છે. અહી સંસ્થા સેન્ટર, સમુદાય આધારિત પુનર્વસન અને એડવોકસી દ્વારા નેટવર્કીંગ જેવા માધ્યમોથી વિવિધ પ્રવૃતિઓ કરે છે.
એક બાળકથી શરૂઆત થયેલ આ સફરમાં આજે અમદાવાદમાં વિશિષ્ટ જરૂરિયાત ધરાવતા 3000થી વધુ વ્યક્તિઓ તેમજ તેમના પરિવારો અને સમુદાય સહભાગી બનેલ  છે.

November 2025 | Issue No. 72 | A monthly newsletter

## મર્યાદાઓને ઓળંગતી છલાંગ : ગૌરવની ક્ષણ



આ વર્ષે જ્યારે ભારતીય પેરા-એથ્લેટ્સે વિવિધ રમતગમતોમાં પોતાનું સર્વશ્રેષ્ઠ પ્રદર્શન કર્યું, ત્યારે રાષ્ટ્રીય મંચ પરથી એક સ્પષ્ટ સંદેશ મળ્યો છે: ક્ષમતા મહત્વની છે, દિવ્યાંગતા નહીં. સરકાર પણ દિવ્યાંગ વ્યક્તિઓ માટે રમતગમતને જોરશોરથી પ્રોત્સાહિત કરી રહી છે, ત્યારે પ્રભાત આ શ્રેષ્ઠતા અને ગૌરવની સંસ્કૃતિને પાયાના સ્તરે આગળ ધપાવી રહ્યું છે.

પ્રભાતમાં અમે રમતગમતને સામાજિક સમાવેશ, આત્મવિશ્વાસ અને સર્વાંગી વિકાસના માધ્યમ તરીકે જોઈએ છીએ. પ્રભાતનું માનવું છે કે, ભાગીદારીથી ઓળખ મળે છે અને તે ક્ષમતાના આધારે હક સમાન અધિકારની ભાવનાને મજબૂત કરે છે.

૨૬, ૨૭ અને ૨૮ નવેમ્બરના રોજ યોજાયેલ **'ખેલ મહાકુંભ'** માં આ ભાવના સ્પષ્ટપણે જોવા મળી હતી. પ્રભાત ના સ્પેશ્યલ એજ્યુકેટરસના માર્ગદર્શન હેઠળ પ્રભાતના ૪૨ બાળકોએ પૂરા ઉત્સાહ અને તૈયારી સાથે ભાગ લીધો હતો. બોચી (Bocce), બાસ્કેટબોલ, ચાલવું, દોડવું અને સોફ્ટબોલ થ્રો જેવી વિવિધ રમતોમાં બાળકોએ તેમની સ્પર્ધાત્મક શક્તિ બતાવી અને ગર્વભેર ૮ **વિજેતા પદ** મેળવ્યા!



આ સફળતા માત્ર મેડલોથી નહીં, પણ બાળકોમાં આવેલા પરિવર્તનથી માપવામાં આવે છે. અમારા સ્પેશિયલ એજ્યુકેટર જીજ્ઞાસાબેને (Jigishaben) કહે છે કે, "ખેલ મહાકુંભની તૈયારીઓ બાળકોમાં ફિઝિયોથેરાપી, એકાગ્રતા અને સામાજિક કૌશલ્યોને એવી રીતે જોડે છે જે વર્ગખંડમાં પણ શક્ય નથી."

એક વાલી શોએબ અંસારીએ પોતાના અનુભવ કહે છે કે, ' *જ્યારથી સુહાના પ્રભાતમાં જોડાઈ છે, ત્યારથી તેના શિક્ષકોએ તેને આવી સ્પર્ધાત્મક રમતોમાં ભાગ લેવા સતત પ્રોત્સાહિત કરી છે. જ્યારે તે બાસ્કેટબોલ ટીમમાં જીતી, ત્યારે અમારો આખો પરિવારે ગર્વ ની લાગણી અનુભવી હતી. આ સિદ્ધિ માટે સરકાર તરફથી તેને જે આર્થિક સહાય મળી છે, તે અમે તેના ભવિષ્ય માટે તેના પોતાના ખાતામાં સુરક્ષિત રાખી છે. અમે પ્રભાતના ખુબ આભારી છીએ.'*

**ખેલ મહાકુંભમાં જીતેલા બાળકોની યાદી**

| નામ | રમત | વિજેતા નંબર |
|---|---|---|
| **મોહમ્મદ ઉવેશ અંસારી** | ૨૫ મીટર દોડ | ત્રીજો |
| **આશિષ શાહ** | ૫૦ મીટર વોક | ત્રીજો |
| **મોહમ્મદ મિન્હાલ સૈયદ** | સોફ્ટબોલ થ્રો | ત્રીજો |
| **સોફિયા શેખ** | બાસ્કેટબોલ | બીજો |
| **સુહાનાપરવીન અંસારી** | બાસ્કેટબોલ | બીજો |
| **કુઝેલ ઝાકીરહુસૈન અંસારી** | ૨૫ મીટર દોડ | બીજો |
| **શમશેર મોહમ્મદરિઝવાન શેખ** | સોફ્ટબોલ થ્રો | બીજો |
| **રિમ્પી સિંહ** | બોચી(Bocce) | બીજો |

તૈયાર કરનાર : કિશોર વાઘેલા – સ્પેશ્યલ એજ્યુકેટર

## કાર્યક્રમની ઝલક


**ટીમ્બરલાઈન ફાઉન્ડેશનના પ્રતિનિધિ શ્રી માન ગ્લેનની મુલાકાત:** પ્રભાત પરિવારે ફરી શુભચિંતક એવા શ્રીમાન  ગ્લેન કોનરાડને આવકારવા અને પ્રભાત ના કાર્ય વિષે સમજાવવાનો અવસર મળ્યો. ભાઈપુરા સેન્ટરમાં સ્ટાફ અને બાળકો સાથે ખૂબ જ ઉષ્માભર્યો સમય ની સાથે પ્રભાતના કાર્યની સમજ મેળવી.તેમણે આ કાર્યને સમાજ પર ‘અદ્ભુત હકારાત્મક અસર’ પાડી છે તેમ કહ્યું. અને સૂચન કર્યું કે પ્રભાત ને તેના કાર્ય ને લઈને જે પરોક્ષ રીતે જે હકારાત્મક અસર થઇ છે તેની પણ નોંધ લેવી જોઈએ. મુલાકાતના અંતે તેમણે હોમ-બેઝ્ડ થેરાપી મેળવતા બાળકોની મુલાકાત લીધી અને આખી ટીમ સાથે બપોરનું ભોજન લઇ હળવી ક્ષણો વિતાવી.



---

**સપોર્ટ ગ્રુપ વર્કશોપ દ્વારા આંગણવાડીઓનું સશક્તિકરણ**

કેટલીક આંગણવાડીઓ હવે સ્વતંત્ર રીતે કામ કરી રહી હોવાથી, પ્રભાત હવે સીધા હસ્તક્ષેપને બદલે એક માર્ગદર્શકની ભૂમિકા ભજવી રહ્યું છે. આ સાતત્ય જળવાઈ રહે તે માટે આંગણવાડીઓમાં 'પેરેન્ટ સપોર્ટ ગ્રુપ્સ' (વાલી સહાયક જૂથો) ની રચના કરવામાં આવી છે. આ મહિને વટવા અને બેરલ માર્કેટમાં આવી બે બેઠકો યોજાઈ હતી, જેમાં વાલીઓએ નવી શિક્ષણ પદ્ધતિઓ, સમાવેશી પ્રથાઓ અને દિવ્યાંગોના અધિકારો વિશે માહિતી મેળવી હતી.






આ પ્રક્રિયામાં વાલીઓ સાથે પોતાના બાળક થી લઈને અન્ય બાળકોને પણ કઈ રીતે સહાયક બની શકીએ એ પણ ચર્ચા કરવામાં આવી. વાલીઓ એ આ માટે તૈયારી બતાવી. આ પ્રકારના મોડેલ ખરા અર્થ માં ટકાઉ બનશે.

---

**આંગણવાડી ડેવલપમેન્ટલ સ્ક્રીનિંગ અભિયાન**

બાળકોમાં દિવ્યાંગતાનું વહેલું નિદાન અને સારવાર (early diagnosis and intervention) થઈ શકે તે માટે આંગણવાડી સ્ક્રીનિંગ અભિયાન આ મહિને પણ ચાલુ રહ્યું. ટીમ દ્વારા ભાઈપુરા વોર્ડની ૨૫ આંગણવાડીઓ આવરી લેવામાં આવી હતી અને વહેલી સહાયની જરૂરિયાતવાળા બાળકોની ઓળખ કરવામાં આવી હતી.

---

**વાલી કાઉન્સેલિંગ સેશન**

- વટવા અને બેરલ માર્કેટમાં વાલીઓ માટે કાઉન્સેલિંગ સેશનનું આયોજન કરવામાં આવ્યું હતું, જ્યાં ડો. કિલોલે ટીમને વાલીઓ સાથે અસરકારક વ્યક્તિગત સ્તરે સંવાદ કરી માર્ગદર્શન આપ્યું હતું.
- ભાઈપુરા ખાતે ૧૪ વાલીઓએ આ બેઠકમાં ભાગ લીધો હતો, જેમાં ડો. કવિતા દ્વારા વાલીઓ સાથે પ્રવૃત્તિ કરવામાં આવી. આ ખાસ કરીને પ્રવૃત્તિ દ્વારા એક હળવી બેલેન્સિંગ પ્રવૃત્તિ પણ કરાવવામાં આવી હતી.



---

**બાળ દિવસની ઉજવણી (Children's Day)**



આ વર્ષે બાળ દિવસ સર્જનાત્મક આનંદ અને પ્રકૃતિના સાનિધ્ય સાથે ઉજવવામાં આવ્યો.

- મણિનગર શાળા નં. ૪ ના બાળકોએ શાકભાજી, ફળો અને પ્રાણીઓના સ્ટેમ્પિંગ (છાપકામ) દ્વારા સુંદર ગ્રીટિંગ કાર્ડ્સ બનાવ્યા.
- બેરલ માર્કેટ સેન્ટરના બાળકો માટે ઓઢવના જડેશ્વર વનમાં પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું હતું, જ્યાં બાળકોએ તેમના વાલીઓ સાથે કુદરતી વાતાવરણમાં વિવિધ રમતોની મજા માણી હતી.

**પ્રભાત બોર્ડ મીટિંગ**



નવેમ્બરના અંતમાં પ્રભાતની બોર્ડ મીટિંગ યોજાઈ હતી. બોર્ડના સભ્યોએ ભાઈપુરા સેન્ટરની મુલાકાત લઈને ફિલ્ડ સ્ટાફ પાસેથી પ્રોગ્રામ અપડેટ્સ અને સંશોધનોની વિગતો મેળવી સંસ્થાની પ્રગતિને બિરદાવી હતી.હમેશા ટ્રસ્ટીઓ દ્વારા આ બેઠક પ્રભાત માટે દિશાસૂચક અને પ્રેરણાદાયી રહે છે.

## એડવોકસી



**ઇન્ટર્નશીપ** : NID (નેશનલ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ડિઝાઇન) ના ઇન્ટર્ન દ્વાર બાળકો હેન્ડ્સ ઓન ડીઝાઇન પ્રોજેક્ટ ના માધ્યમથી પ્રભાત સાથે કાર્ય કરી ને અહીં ઇન્ટરવેન્શન માટે એક ' લાઈફ સાઈઝ પઝલ તૈયાર કરી અને ટેસ્ટ કરવામાં આવી. અને અંતે જે અનુભવ થયું તેનઅ આધારે ફાઈનલ પ્રોડક્ટ બનાવી.

- બીજા એક વિદ્યાર્થી દ્વારા ' સેન્સરી ટોર્ચ' નિદર્શન કર્યું.
- ADL ને લઈને ટોયલેટ ટ્રેનીંગ માટે અસરકારક વિકલ્પો રજુ કાર્ય.
- છલ્લે એક ખાસ ' સેન્સરી જેકેટ' ને તૈયાર કરી ટેસ્ટ કરવામાં આવ્યું. આ પ્રકારની પ્રક્રિયાઓ ઇન્ટર્ન અને પ્રભાત બંને માટે શીખવાના અનુભવ ને વધુ મજબુત બનાવી સમાવેશી અભિગમ ને આગળ ગતિ આપે છે.



**અપનોત્સવ: સમાવેશીતાનો ઉત્સવ** : પ્રભાતે NID ના વિદ્યાર્થીઓ સાથે મળીને 'અપનોત્સવ' નું આયોજન કર્યું હતું. દરેક ને પોતાનું લાગે એવો આ કાર્યક્રમ માં માત્ર બાળકો નહિ પણ વાલીઓ, શિક્ષકો, NID ફેકલ્ટી, સમુદાયના પ્રતિનિધિ પણ હોંશભેર જોડાયા હતા. દરેક રમત, પ્રવૃત્તિ ને પણ સમાવેશી ની રીતે આયોજિત કરવામાં આવી હતી. જેમાં દરેકે સાથે મળીને, માટીકામ, વોલ પેઇન્ટિંગ અને વિવિધ રમતો રમીને સમાવેશની ભાવનાને મજબૂત કરી હતી.

**રીસર્ચ :**





ઇન્ક્લુઝિવ ઇ-કુકિંગ પ્રોજેક્ટ : આ રીસર્ચ હવે ઝડપથી ગતિ કરી રહ્યું છે. પ્રથમ તો તમામ સહ્ભાગીઓના પરિવારોના ઘરે જઈને પ્લગ પોઈન્ટ્સ, વાયરિંગ અને પ્લેટફોર્મ જેવા જરૂરી ફેરફારો કરવામાં આવ્યા જેથી તેઓ સુરક્ષિત રીતે ઇલેક્ટ્રિક ઉપકરણો વાપરી શકે. ત્યારબાદ તેમને ઉપકરણો આપીને લાઈવ ડેમો આપવામાં આવ્યો.



**કુકિંગ ડાયરી માટે સહભાગી વર્કશોપ** : સહ્ભાગીઓના અનુભવો ને દૈનિક માહિતી નોંધવા માટે '**કુકિંગ ડાયરીઝ**' ટુલ બનાવવા માટે કાર્યશાળા નું આયોજન કરવામાં આવ્યું. સહભાગીઓ સાથે રહીને ડીઝાઇન કરવાનો ઉદેશ્ય હોવાથી તેમને કઈ રીતે અને કયા પ્રકારની માહિતી તેઓ નોંધી શકશે તે ચર્ચા કરવામાં આવી. અને આ પહેલા તેમણે હમણા સુધી જે પણ ઈ કુકિંગ ના સાધન નો અનુભવ કર્યો તેના અનુભવો રજુ કર્યા. જેમાં તેમને આવતી તાકીનીકી સમસ્યા, મૂંઝવણ શેયર કરેલ. કુકિંગ ડાયરી માટે તેમના એ પણ સજેશન આવ્યા તેને ધ્યાને રાખીને તેને બનાવવામાં આવશે. આમ, આ સહભાગી પ્રક્રિયા ડેટા ને એકત્રિત કરવામાં મજબુત ટુલ બનશે એવું જણાય છે. ઘણાએ કહ્યું કે, આનાથી સમયની બચત થાય છે અને રસોઈ વધુ સુરક્ષિત બની છે.

## સહાય

મેડીકલ સર્ટીફીકેટ 04 , રેલ્વે પાસ માટેના ફોર્મ -03, સ્ટેટ ટ્રાન્સપોર્ટ માટેના ઓનલાઈન પાસના ફોર્મ -06, ભરવામાં આવ્યા. આ ઉપરાંત 3 વાલીઓને બેંક ખાતા ખોલવામાં મદદ કરવામાં આવી. જેને લીધે તેઓ સરકાર તરફથી મળતી નાણાકીય સહાય સીધી મેળવી શકે.

**Prabhat Education Foundation**
325, Iscon Emporio,
Satellite, Ahmedabad,
Gujarat 380015

**Phone:** +91-79-4890-305
**Email:** prabhat@prabhatedu.org
**Website:** www.prabhateducationfoundation.org

PRABHAT EDUCATION FOUNDATION
AN ALTERNATIVE FOR THOSE WITH SPECIAL NEEDS